GJ/02/April-May/2025

# બિલિવર્સ ઈસ્ટર્ન ચર્ચ વૈશ્વિક મુખ્યાલય

મેટ્રોપોલિટનની ઓફિસ, સિનડ સેક્રેટરિયટ, સંત .થોમસ કમ્યૂનિટી, થિરૂવલ્લા, કેરલા, ભારત .

## ઘેટાંપાળકનો પત્ર

એપ્રિલ /મે ૨૦૨૫

**મારા પ્રિય ઘેટાંપાળકો અને પવિત્ર ચર્ચના સર્વ વિશ્વાસીગણો,**

આપણા પ્રભુ અને તારણહાર ઈસુ ખ્રિસ્ત તરફથી કૃપા, દયા અને શાંતિ તમારી સાથે રહો.✠

આજે હું આપ સર્વનું ધ્યાન આપણા ચર્ચના ઇતિહાસમાં સૌથી મહત્વપૂર્ણ ક્ષણોમાંના એક તરફ દોરવા માંગુ છું: આપણા મેટ્રોપોલિટન પિતા, અથનેસિયસ યોહાન પ્રથમ, જે ધન્ય સ્મૃતિના પ્રથમ સ્મારક છે. ૮ મે, ૨૦૨૫ ના દિવસ, તેમણે અનંત વિશ્રામમાં પ્રવેશ કર્યો તેને એક વર્ષ પૂર્ણ થાય છે.

એક ચર્ચ તરીકે આપણા માટે આ દુનિયામાંથી તેમના વિદાયને સમજવું ચોક્કસપણે મુશ્કેલ છે, છતાં આપણને તેમની સ્મૃતિને જીવંત રાખવાનો સૌભાગ્ય મળ્યો છે. હું આપ સર્વને પ્રેમપૂર્વક  વિનંતી કરું છું કે તમે તેમના જીવનનું અનુકરણ કરો - તેમણે આપેલા શિક્ષણ અનુસાર જીવીને, તેમણે શરૂ કરેલા કાર્યને ચાલુ રાખીને, અને તેને આગળની પેઢી સુધી પહોંચાડીને. આ જવાબદારી એક બોજ નથી પણ આપણા માટે  એક મહાન આનંદ અને સન્માન છે - જેને આપણે ઉત્સાહ અને પ્રતિબદ્ધતા સાથે સ્વીકારવી જોઈએ.

પવિત્ર ચર્ચ, આપણા ધન્ય સ્મૃતિ દિવંગત મેટ્રોપોલિટન પિતાના, અથનેસિયસ યોહાન પ્રથમ, ના પહેલી સ્મારક માટે તૈયારી કરી રહ્યું છે, અને આપ સર્વને આ પવિત્ર સ્મૃતિમાં આપણા મન અને હૃદયને સહભાગી કરવા માંગીએ છીએ! એક સ્થાનિક ચર્ચના રૂપમાં,આપણે પ્રાર્થના કરે અને સર્વશક્તિમાન પરમેશ્વરને આપણા ધન્ય સ્મૃતિ દિવંગત આધ્યાત્મિક પિતાના જીવન અને વારસા માટે આભાર માનીએ!  કૃપા કરીને આ સ્મૃતિ દિવસને આપણી ચાર દિવાલોની અંદર સીમિત ન રાખીએ, પરંતુ, એક પગલું આગળ વધીએ - તેમની સ્મૃતિને કાર્યમાં ફેરવીએ, જેમ કે આપણા ધન્ય સ્મૃતિ દિવંગત મેટ્રોપોલિટન પિતાએ આપણને શીખવ્યું અને બતાવ્યું;  પ્રેમ અને કરુણાની સાથે દુનિયાની સેવા કરવી.

તમારા આધ્યાત્મિક પિતા તરીકે, હું તમારું ધ્યાન આપણા ધન્ય સ્મૃતિ દિવંગત મેટ્રોપોલિટન પિતાની જીવનશૈલીના મુખ્ય પાસાઓ તરફ દોરવા માંગુ છું, જેથી આપણે તેમને આપણા જીવનમાં લાગુ કરી શકીએ – ફક્ત આ ચોક્કસ દિવસે જ નહીં પરંતુ દરેક દિવસે!

**૧. કરુણા અને દાનના કાર્યો:** આપણા દિવંગત પિતાનું હૃદય ગરીબો, બીમાર અને તરછોડાયેલા લોકો માટે દુ:ખી હતું, અને તેમણે ખ્રિસ્તની જેમ તેમને પ્રેમ કરવા માટે બલિદાન આપ્યું. તેમની યાદમાં, હું તમને વિનંતી કરું છું કે તમે જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચો - પછી ભલે તે દાન દ્વારા, બીમારોની મુલાકાત, અથવા તમારા સમુદાયમાં દયાના સરળ કાર્યો દ્વારા હોય.

**૨. દૈનિક પ્રાર્થના અને મનન:** આપણા દિવંગત પિતાએ એક ચર્ચ તરીકે આપણને સતત પ્રાર્થના કરવા અને ઈસુની પ્રાર્થનાને આપણા દૈનિક જીવનનો એક ભાગ બનાવવા માટે પ્રોત્સાહિત કર્યા. આવો આપણે વ્યક્તિગત પ્રાર્થના, કૌટુંબિક પ્રાર્થના,દિવ્ય લિટર્જીમાં ભાગ લેવા અને ઇસુની પ્રાર્થનાને વિશ્વાસપૂર્વક કરવા ના માધ્યમથી એક ઊંડા પ્રાર્થના જીવન માટે પ્રતિબદ્ધ થઈએ.

**૩. ચર્ચ અને સમુદાયની સેવા:** આપણા દિવંગત પિતાએ પવિત્ર ચર્ચને પૂરા હૃદયથી પ્રેમ કર્યો અને તેને મજબૂત બનાવવા માટે લગાતાર સેવા આપી. તેમણે હમેશાં એક વાક્ય કહ્યું, "ચર્ચ વિશે વિચારો." ચાલો આપણે આપણા ચર્ચના વિકાસ માટે અને તેના દ્વારા આપણા સમુદાયની ભલાઈ માટે આપણો સમય અને પ્રતિભા આપીને તેમનું કાર્ય ચાલુ રાખીએ. નાના અને મોટા બંને રીતે સેવા આપવાની આપણી પાસે અસંખ્ય તકો છે – સ્થાનિક મંડળીના કાર્યક્રમમાં મદદ કરવી, ચર્ચની સેવા માટે ટેકો આપવો અને મિશન કર્યો માટે સહયોગ આપવું.

**૪. ભવિષ્યની પેઢીઓ માટે વિશ્વાસ જાળવી રાખવો:** આપણા દિવંગત પિતા બાળકોને પ્રેમ કરતા હતા અને હંમેશા તેમને પ્રાથમિકતા આપતા હતા. આવો આપણે સન્ડે સ્કૂલ,જુવાનોની સંગતિ,મહિલા સંગતિ,ચર્ચનું મૌલિક શિક્ષણ, પ્રાર્થના અને ઉદાહરણવાળું જીવન જીવીના, માધ્યમથી પવિત્ર ચર્ચના જીવનને આગલી પેઢી સુધી પહોંચાડવા માટે પ્રતિબદ્ધ થઈએ.

આવો આપણે ખાતરી કરીએ કે જે વિશ્વાસે આપણા દિવંગત પિતાને ટકાવી રાખ્યો અને આપણા ચર્ચને આકાર આપ્યો તે વિશ્વાસ આપણી આગલી પેઢીને ટકાવી રાખશે અને આકાર આપશે.

મારા પ્રિયજનો, હું આપ સર્વને વિનંતી કરું છું કે તમે ફક્ત સાંભળનારા જ નહીં, પરંતુ અધિક મહત્વપૂર્ણ રૂપથી કરનારા બનો. આવો, આપણે આપણા ચર્ચના પિતા, મેટ્રોપોલિટન અથનેસિયસ યોહાન પ્રથમની ધન્ય સ્મૃતિના જીવનશૈલીને પૂરા મનથી અપનાવીએ.

અને યાદ રાખો, આપણને ઈસુના હાથ, મોં અને પગ બનવા માટે બોલાવવામાં આવ્યા છે - બીજાઓની સેવા કરવા અને ખ્રિસ્તની છબીને પ્રતિબિંબિત કરવા માટે, જે આપણામાં મુદ્રાંકિત છે. આવો આપણે ખ્રિસ્ત જેવા બનવના પ્રયત્નો કરતા રહીએ.

તેમની સ્મૃતિ સદાના માટે બની રહે!

પવિત્ર ત્રિએક - પિતા,પુત્ર અને પવિત્ર આત્મા તેમની અપાર કૃપા અને દયાથી આપણું માર્ગદર્શન કરે અને સર્વ સંતો અને થિયોટોકોસની મધ્યસ્થતાથી પરમેશ્વરના સિંહાસનની સમક્ષ આપણું રક્ષણ કરે, અત્યારે અને સદા સર્વદા! ✠ આમીન.

પિતૃત્વપૂર્ણ પ્રેમ અને પ્રાર્થનાઓની સાથે,

મોરન મોર સેમ્યુઅલ થિઓફિલસ
મેટ્રોપોલિટન

તારીખ:૧૫ એપ્રિલ ૨૦૨૫
સ્થાન: વૈશ્વિક ચર્ચ મુખ્યાલય

---

નોંધ :આ પત્ર વિશ્વાસીઓના પ્રોત્સાહન માટે દરેક સ્થાનિક મંડળીમાં વાંચવામાં આવે .